# બચ્ચાંને આવી પાંખ!

## સ્વ.‘હરીશ્ચન્દ્ર’

સવાર-સવારમાં ઉઠીને નીચે આવી, તો બાપ-બેટીની મહેફીલ જામેલી. ‘પપ્પા, લઈ લો ને આ એક પુડો.’

‘ના બેટા, હવે નહીં. હવે પહેલાં જેવું થોડું ખાઈ શકાય છે? અમે હવે બુઢ્ઢાં થયા.’

‘જાવ, તમારી સાથે નહીં બોલું. પાછી એની એ ગન્દી વાત.’ ચીત્રા ગાલ ફુલાવતાં બોલી. તે વખતે જાણે ફરી એ મારી નાનકી ચીત્રુ બની ગયેલી.

‘આટલી વહેલી શું કામ ઉઠી છું? નાસ્તો તો હું જ બનાવી દેત,’ અને એમની તરફ ફરીને બોલી, ‘દીકરી, ચાર દીવસ માટે આવી છે, તેનેય તમે આરામ કરવા નથી દેતા?’

‘પણ મમ્મી....ઈ.....ઈ હવે સાસરે મને વહેલા ઉઠવાની ટેવ પડી ગઈ છે.’.

‘હા.....અહીં તો મહારાણી આઠ પહેલાં પથારી બહાર પગ નહોતાં મુકતાં. સાસુએ ખરી ગૃહીણી બનાવી દીધી છે!’

ત્યાં શીરીષ આવી પહોંચ્યો:

‘અમારાં બહેનબા હવે એકદમ સમજદાર થઈ ગયાં છે, હોં ! એ તો સોટી વાગે ચમચમ ને વીદ્યા આવે રમઝમ. સાસુ હાથમાં ધોકો લેતાં હશે ને!’

‘જા, જા, ચીબાવલા.’ ચીત્રા એનો કાન પકડતાં બોલી અને ભાઈબહેને આખા ઘરમાં ધમાચકડી મચાવી દીધી. પહેલાં તો એમની ધમાલથી મારો પારો સાતમે આસમાને ચડી જતો; પણ હવે હું એવું જ જોવા તો તલસી રહી છું!

પણ આવું કેટલા દીવસ? એના સસરાનો કાગળ આવી ગયો કે : 'વહુને જલદી મોકલો તો સારું, અશોકને જરા ગોઠતું નથી.' મને તો એવો ગુસ્સો આવ્યો. ઘરમાં બીજા માણસો છે કે નહીં? પણ વધારે ગુસ્સો તો ચીત્રુ ઉપર આવ્યો. ઘરે જવાની વાત થતાં જ એનો ચહેરો કેવો ખીલુંખીલું થઈ ઉઠેલો!

જુઓને, અહીં આવી છે પણ મારી પાસે પગવાળીને બેસે છે જ ક્યાં? પડોશમાં જઈ-જઈને નવી નવી વાનગી શીખે છે. ખબર નહીં ક્યાં-ક્યાંથી સ્વેટરના નમુના ભેળા કરી લાવી છે. દીયરની ફરમાઈશ છે કે 'ભાભી સ્વેટર એવું ગુંથી આપજો કે કૉલેજમાં બધાં જોઈ જ રહે.' નાની નણન્દ માટે ગીતો ઉતારે છે. સાસુ માટે શ્રીનાથજીની છબી મોતીથી ભરી રહી છે. બસ ચાર-પાંચ મહીનામાં તો મારી ચીત્રુ હવે મારી રહી જ નથી કે શું?

અને આજે એ પાછીયે જતી રહી. જતી વખતે મને વળગીને ડુસકે–ડુસકે રોઈ. કંઈ કેટલીયે વાર સુધી હું વીચારતી રહી કે એનું આ ચોધાર આંસુએ રડવું સાચું કે ઘરે જવાની વાત આવતાં ખીલું ખીલું થઈ ઉઠેલો ચહેરો સાચો?

છેવટે એના લગ્નના ફોટાઓનું આલ્બમ લઈને બેઠી. મને પુષ્પાકાકી યાદ આવ્યાં. બન્ને દીકરીઓ પોતપોતાને ઘેર. એક દીકરો પરણીને લંડન રહે છે. બીજો અમેરીકામાં ભણે છે. અહીં રહ્યાં બે જ જણ! જ્યારે મળવા જાઉં ત્યારે દીકરાઓના ફોનની જ વાત કરે. 'જો, અમેરીકાથી આ ફોટા આવ્યા છે... લંડનથી રમુએ આ મોકલ્યું છે... એની વહુ ત્યાં કાંઈક નોકરી પણ કરે છે...' જ્યારે જાવ ત્યારે બસ, આ જ વાત! મારે પણ હવે શું ચીત્રુનું આલ્બમ જ જોવાનું?

મનને હળવું કરવા હું મન્દીરે ગઈ. ત્યાં ઢળતી સાંજના ઝાંખા અજવાળામાં એક આકૃતી પરીચીત જેવી લાગી. 'અરે, શીરીષ તું? તું આજે ભગવાનને દર્શન આપવા ક્યાંથી આવ્યો?'

'એ... તો.. એ... તો...' એ જરા થોથવાયો. 'એ... તો... આ જોને, રેણુની જીદને કારણે આવવું પડ્યું... એ બડી ભગત છે...' ત્યાં તો મન્દીરનાં પગથીયાં ઉતરતી એક છોકરી હાથમાં પ્રસાદ સાથે સામે આવી ઉભી. શીરીષે પરીચય કરાવ્યો ત્યારે એ લજ્જાથી લાલ-લાલ થઈ ઉઠી અને મને પગે લાગી. શીરીષ આંખને ઈશારે એને વારતો હતો પણ રેણુ બોલી ગઈ : 'મમ્મી, એ તો ગયે અઠવાડીયે આમને અકસ્માત થતાં થતાં રહી ગયેલો ને એટલે મન્દીરે લાવેલી. મમ્મી, એમને કહો ને કે સ્કુટરને સ્કુટરની જેમ ચલાવે, એરોપ્લેનની જેમ નહી.'

'અકસ્માત? ક્યારે? મને તો ખબર જ નથી ને!'

'અરે મમ્મી, એ નકામી ગભરાઈ જાય છે.'

હા, તે દીવસે મને નવું જ્ઞાન થયું. મારા દીકરા શીરીષ માટે 'નકામું ગભરાઈ જનારું' બીજું પણ કોઈ છે. ઘેર જઈને મેં રેણુ વીશે વીશેષ જાણવાની કોશીશ કરી, તો શરમાઈને શીરીષ બીજા ઓરડામાં ચાલી ગયો, અને એણે ધીરેથી બારણું વાસી દીધું.

ક્યાંય સુધી હું એ બન્ધ બારણાને જોઈ રહી. મારી ને ચીત્રુ વચ્ચે આવો જ એક દરવાજો ઉભો થઈ ગયો છે. હવે શું આ રેણુ પણ બારણાની જેમ મારી અને શીરીષની વચ્ચે આવીને ઉભશે? મારું મન ઘડીભર ખીન્ન ખીન્ન થઈ ગયું.

પરન્તુ એકાએક હું જોરજોરથી હસી પડી. મને મારા જુવાનીના દીવસો યાદ આવી ગયા. શું હું પણ પાંખો આવતાં નવો માળો બાંધવા નહોતી નીકળી પડી?

('શ્રી માલતી જોશી'ની 'મરાઠી' વાર્તાને આધારે)

સ્વ.'હરીશ્ચન્દ્ર'

'વીણેલાં ફુલ', ભાગ નવમાનાં પાન ક્રમાંક 8, 9, 10 ઉપરથી સાભાર..

♦●♦

## આવી ટચુકડી વાર્તાઓની ઈ.બુક

તમને આવી નાનકડી, માત્ર **750** શબ્દોની મર્યાદામાં રચાયેલી વાર્તાઓ વાંચવાનો શોખ હોય, તો તમારે માટે એક શુભ સમાચાર છે. **2005**થી પ્રકાશીત થતી આ 'સ.મ.'માં આવી વાર્તાઓ, બહુ વખાણાઈ અને વીશેષ આદર પણ પામી છે.

અમે તેવી પચીસ વાર્તાની એક રુપકડી ઈ.બુક બનાવી છે.. તમને તે જોવા–વાંચવાનો ઉમળકો થાય તો, *તમારું પુરું નામ, સરનામું અને કૉન્ટેક્ટ નંબર લખીને જ*, મને ઈ.મેલ લખજો.. *(વૉટસેપ મારફત તે મોકલી શકાય તેમ નથી તેથી..)* તમને તે મોકલી આપીશ.. ..ઉત્તમ.મધુ ગજ્જર.. uttamgajjar@gmail.com

અથવા

https://www.aksharnaad.com/downloads/

ઉપરથી **71**મી બુક ડાઉનલોડ કરજો. બીજાંય ઘણાં પુસ્તકો ત્યાંથી મળશે.

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: પંદરમું – અંક: 444 –January 19, 2020

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન: વીક્રમ દલાલ - inkabhai@gmail.com

♦●♦

**Download Earlier SeMs clicking the link below:**

**https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/**

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,73,21,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,53,72,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,11,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,25,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@